<u>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ ખાતે ખેડુત તાલીમ કેન્દ્ર દ્વારા "નેશનલ મિશન ફોર ઓઇલસીડ એન્ડ ઓઇલ પામ" વિષય પર પુરૂષ્કૃત તાલીમ કાર્યક્રમ કરવામાં આવેલ</u>

ખેડુત તાલીમ કેન્દ્ર અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, મુવાલીયા ફાર્મ, દાહોદ દ્વારા તારીખ ૨૮.૦૭.૨૦૧૬નાં રોજ **"નેશનલ મિશન ફોર ઓઇલસીડ એન્ડ ઓઇલ પામ"** વિષય પર તાલીમ કાર્યક્રમ અત્રેના કેન્દ્ર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, મુવાલીયા ફાર્મ, દાહોદ ખાતે કરવામાં આવેલ્. આ કાર્યક્રમના ઉદઘાટન પ્રસંગે શ્રી એન. કે. રાઠવા , નાયબ નિયામક (તાલીમ) અને પ્રોજેક્ટ ડાયરેક્ટર (આત્મા), શ્રી વી.એમ. પટેલ, મ.ખે.નિ., ખેડુત તાલીમ કેન્દ્ર, દાહોદ તથા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના તમામ વૈજ્ઞાનિકશ્રીઓની ઉપસ્થિતી રહેલ. ત્યારબાદ ટેકનીકલ સેશનમાં ડો. એસ. કે. પટેલ, વૈજ્ઞાનિક (કૃષિ ઇજનેરી)એ તેલીબીયાં પાકોમાં કૃષિ યાંત્રિકીકરણ, પ્રો. એચ. એલ. કાચા , વૈજ્ઞાનિક (બાગાયત)એ તેલીબીયાં પાકોમાં જૈવિક ખાતરોનો કાર્યક્ષમ ઉપયોગ અને ઓઇલ પામ પાક વિષે સમજ પ્રો. એન.કે. રાઠોડ , વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ)એ તેલીબીયાં પાકોમાં સંકલિત રોગ-જીવાત નિયંત્રણ અને પ્રો.એન. ડી. મકવાણા , વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન)એ મુખ્ય તેલીબીયાં પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ વિષે ખેડુતોને માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ૪૬ ખેડુતભાઇઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.


ઉદઘાટન કાર્યક્રમ


ડો. એસ. કે. પટેલનું ઉદબોધન


પ્રો. એચ.એલ. કાચાનું ઉદબોધન


પ્રો. એન.કે. રાઠોડનું ઉદબોધન




પ્રો.એન. ડી. મકવાણાનું ઉદબોધન